૪/૯/૨૨ **ચેસ સ્પર્ધા:** નારાયણ વિદ્યાલયમાં ભરૂચ જિલ્લાની ચેસ ટુર્નામેન્ટ યોજાઇ. જેમાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં **શ્રી સંજયભાઇ તલાટી** (સંકલ્પ ફાઉન્ડેશન પ્રમુખશ્રી), **શ્રી કિરીટભાઇ પટેલ** (ભરૂચ ડીસ્ટ્રીકટ ચેસ એસોસિયેશન, સેક્રેટરી), **શ્રી અલ્પેશભાઇ જાદવ** (નેશનલ ચેસ ઓર્બિટર), **શ્રી ગિરીશભાઇ પટેલ, શ્રી મહેશભાઇ જોષી, શ્રી ધર્મેશભાઇ મોદી, શ્રી કિરીટભાઇ કાસદાવાલા** વગેરે મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

૫/૯/૨૨ **શિક્ષક દિનની ઉજવણી:** શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા **શ્રીમતિ શ્વેતાબેન રાવલ**નું શિક્ષક દિન નિમિતે સમૂહ પ્રાર્થનામાં સન્માન કરાયું. તેમણે શાળાના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકત્તવ્ય આપ્યું. શાળાના શિક્ષિકા કંચનબેન, ઉર્વશીબેન, દ્વારા પ્રસંગોચિત વકતવ્ય અપાયું.

➢ શ્વેતાબેન રાવલ (નિવૃત શિક્ષિકા, નારાયણ વિદ્યાલય) શૈક્ષણિક અનુભવ કાર્ય : ૩૪ વર્ષ. સમાજમાં સૌથી પ્રથમ શિક્ષક એ "માતા-પિતા" છે. શિક્ષણ, ક્ષમા, કર્તવ્યનિષ્ઠનો ત્રિવેણી સંગમ એટલે શિક્ષક. ભારતનું ભાવિ કલમ અને વિદ્યાર્થીના હાથમાં છે.

૫/૯/૨૨ **Best Teacher Award** : જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ભરૂચના પ્રમુખ **મા.શ્રી. અશોકભાઇ બારોટ** (નિવૃત્ત EI) મા.શ્રી. **સનતભાઇ પંડ્યા** (નિવૃત આચાર્ય) **મા.શ્રી. વી. એન. ઘરિયાસર,** (ભૂતપૂર્વ આચાર્ય, નારાયણ વિદ્યાલય), **પ્રદિપભાઇ** (**JCI** ના પ્રમુખ), **જગદીશભાઇ ભાવસાર,** શાળાના આચાર્ય તથા ડાયરેકટર મા.**શ્રી. ડૉ.ભગુભાઇ પ્રજાપતિ સર** તેમજ સુપરવાઇઝર શિક્ષકમિત્રો દ્વારા પ્રાથમિક વિભાગના સુપરવાઇઝર શ્રીમતી નયનાબેન જી.પટેલ ને "શ્રેષ્ઠ શિક્ષક"ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.





૭/૯/૨૨ **મા. શ્રી આઇ. જી. શેખ સાહેબ**નું પ્રેરણાદાયી પ્રવચન: **શ્રી આઇ. જી. શેખ સાહેબે (એન્ટી ટેરેરિસ્ટ સુપ્રિટેન્ડન્ટ, પોલીસ વડા)** પોતાના જીવનનાં સંઘર્ષપૂર્ણ પ્રસંગોને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા. એન્ટી ટેરેરિસ્ટની કામગીરીની ચર્ચા કરી. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી. આવનારા સમયમાં વિદ્યાર્થીઓ કોઇ સંગઠનના હાથા ન બને. ખોટી દોરવણીમાં ન આવી જાય એ માટે તેમને માર્ગદર્શન આપ્યું. અંકલેશ્વરના રહેવાસી એવા શેખ સાહેબ જેમણે **SVMIT** માંથી એન્જીનીયરીંગ કરેલ છે. ૭ થી ૮ વર્ષ એન્જીનિયરની નોકરી કર્યા પછી દેશ અને સમાજ માટે કાર્ય કરવાના હેતુથી તેમણે જાહેર પરીક્ષાની તૈયારી કરી.



GPSC પરીક્ષા પાસ કરી ૨૦૧૧ માં તેઓ DYSP બન્યા. ત્યાર પછી **ACP** તરીકે અમદાવાદમાં તેઓની બદલી થઇ.ત્યાંથી પ્રમોશન થયું અને **ATS** માં મરીન વિભાગમાં વડા બન્યા. **ISIS** સંગઠનના વ્યકિતને વડોદરાથી પકડવાનું કાર્ય તેમણે અને તેમની ટીમ દ્વારા થયું. તેમના આ સાહસના કામને બિરદાવવા માટે ૩૧ oct ૨૦૨૦ માં ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા **SOG** સ્પેશીયલ ઓપરેશન એવોર્ડ આપવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે કોઇપણ પોલીસ અધિકારી માટે પ્રથમ પોતાની વર્દી, દેશ અને સમાજ છે, ત્યાર પછી જ પોતાનું વર્ચસ્વ ગણવું.

તેમણે વિદ્યાર્થીઓને માર્શલ આર્ટસ શીખવા કહયું જેથી તે જરૂર પડે ત્યારે પોતાનો બચાવ કરી શકે. જાહેર પરીક્ષાની તૈયારી કરવી ત્યારે **G.K** અને કરંટ ટોપીક પર ધ્યાન આપવું.

Education is
the most Powerful
Weapon You can used it
to change the World



**શ્રી ધર્મેશભાઇ સોલંકી :** તેમણે કોરોના કાળમાં ભરૂચ સ્મશાનગૃહમાં દરેક મૃતકોને  લાવવાના અને અગ્નિસંસ્કાર કરાવવા જેવી કપરી કામગીરી બજાવી પ્રસંશનીય સેવા આપી છે. ૨૩ વર્ષથી  અજાણ્યા મૃતદેહોને અગ્નિ સંસ્કાર આપવાનું કાર્ય કરે છે. કોરોના સમય દરમિયાન  મૃત્યુ પામેલા વ્યકિતના અગ્નિ સંસ્કાર દરમિયાન ઊભી થયેલી સમસ્યાઓ વિશે જાણકારી આપી. કેવી રીતે માનવતા બદલાઇ ગઇ હતી તે જણાવ્યું. તેમણે જણાવ્યું કે ભરૂચ શહેરમાં એક માત્ર કોરોના સ્મશાન બનાવવામાં આવ્યું. પ્રથમ કોરોના લહેરમાં ૪૭૮ લોકો મૃત્યુ પામ્યા. પોતે ૭૦૦૦ થી વધુ મૃતદેહોના અગ્નિ સંસ્કાર કર્યા છે. તે માટે તેઓશ્રી ને ગુજરાત સરકાર દ્વારા  તથા વિવિધ સંસ્થા તરફથી એવોર્ડ મળેલ છે.

૮/૯/૨૨ **પ.પૂ. મુકતાનંદ સ્વામીજીનું પ્રેરણાદાયી પ્રવચન:** માટીના પિંડમાંથી કુંભાર યોગ્ય આકાર આપી તેને સૂકવે છે તેને ટીપે છે, તપાવે છે ત્યારથી માટલું ઠંડુ પાણી સંગ્રહવાની ક્ષમતા ધરાવે છે, તે જ રીતે આપણા લક્ષ્યને અલગ-અલગ માધ્યમ દ્વારા મેળવી શકાય.



- જીવનમાં નાના મૂલ્યોનું સિંચન થવું જરૂરી છે. જેમાં પારિવારિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્ય, સામાજીક મૂલ્ય વગેરે.
- વિકાર યુકત ખોરાકને કારણે મન વિચલીત બને છે. જીભને સારું લાગે તે પેટ માટે નકામું છે અને જે જીભ ને કડવું લાગે છે તે પેટ માટે સારું છે.
- આપણું જીવન પણ ઘણા બધા હાથમાંથી પસાર થાય છે. જેમાં પરિવારના સભ્યો અને શિક્ષકો મુખ્ય છે. જેમ માટલામાં કાણું પડી જાય પછી તે કંઇ જ કામમાં આવતું નથી તે જ રીતે આપણા જીવનમાં કંઇક ઘડાવાનું રહી ગયું હશે તો આપણે કયાંય નહિ ચાલીએ.

૯/૯/૨૨ **ગણેશજી વિસર્જન:** શાળામાં સ્થાપન કરેલ ગણેજીની પ્રતિમાનું આનંદ ઉલ્લાસભેર શાળામાં જ વિસર્જન કરવામાં આવ્યું.







૧૧/૦૯/૨૨ **Cyber Safe Girls Awareness Program** સમન્વય ચેરિટેબલ ટ્રસ્ટ, તેમજ હિન્દુ જાગરણ મંચ, ભરૂચ તરફથી સાયબર સેફ ગર્લ જાગૃતિ કાર્યક્રમ આંબેડકર હોલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો જેમા **પરેશભાઇ પંડયા**- (એડવોકેટ) **નિરવભાઇ પટેલ** (સમન્વય ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી), **ખુશબુબેન પંડયા** (સાયબર ક્રાઇમ અંગે Ph.D ), **મિનલબેન દવે** (પ્રાધ્યાપિકા), **દિપીકાબેન શાહ** તથા **મુકતાનંદ સ્વામી** ઉપસ્થિત રહ્યાં હતાં. સ્થળ : આંબેડકર હોલ, ભરૂચ.



**કાર્યક્રમનો મુખ્ય હેતુ:** દેશમાં, સમાજમાં ચાલતા **Cyber Crime** વિશે દીકરીઓ સભાન બને તેઓમાં જાગૃતિ આવે **Cyber Crime** માં ન ફસાય,  પોતાના માટે શું સારુ-શું ખરાબ ? તે વિચારણા કરતી થાય અને Social Media નો બિનજરૂરી ઉપયોગ ન કરે. અજાણ્યા વ્યકિતઓથી ચેતી રહે અને જો આમાં ફસાય તો બહાર આવવા માટે શું પગલાં લેવા જોઇએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. શાળાની ધો- ૬ થી ૧૨ ની ૧૧૧ વિદ્યાર્થીનીઓ તથા શાળાના શિક્ષકો **પ્રજ્ઞાબેન, કંચનબેન, ધર્મિષ્ઠાબેન મેંનગર**, શાંતનુબેન તથા અં.મા. ના વિદ્યાબેન, વર્ષાબેન સુતરિયા, પૂર્વાબેન પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

**નિડર બનો**
**સાહસિક બનો**
**મૂલ્યવાન બનો**